Prabhat

EDII

April 28, 2024
Pg.2

# EDII પોતાનો ૪૨મો સ્થાપના દિવસ સેલિબ્રેટ કર્યો

આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ઈન્ડિયા, અમદાવાદ એ શનિવારે ૨૦ એપ્રિલ ૨૦૨૪ના રોજ સંસ્થાના કેમ્પસમાં પોતાનો ૪૨મો સ્થાપના દિવસ સેલિબ્રેટ કર્યો. આ અવસરે મુખ્ય મહેમાન તરીકે મેઘાલય સરકારના સ્ટેટ ઈન્વેસ્ટમેન્ટ પ્રમોશન બોર્ડના એક્ઝિક્યુટિવ ચેરમેન તેમજ EDII બોર્ડના સભ્ય IAS શ્રી રામ મોહન મિશ્રા તેમજ અન્ય મહાનુભાવોમાં EDII ગવર્નિંગ બોર્ડના સભ્ય અને ભૂતપૂર્વ ચેરમેન તેમજ SIDBIના મેનેજિંગ ડિરેક્ટર શ્રી ડૉ. શૈલેન્દ્ર નારાયણ, ગુજરાત યુનિવર્સિટીના વાઈસ-ચાન્સેલર ડૉ. નીરજા એ ગુપ્તા, ગુજરાત ટેક્નોલોજીકલ યુનિવર્સિટીના વાઈસ-ચાન્સેલર ડૉ. રાજુલ કે ગજ્જર, EDII ડાયરેક્ટર જનરલ ડૉ. સુનિલ શુક્લા તેમજ ડિપાર્ટમેન્ટ ઑફ આંત્રપ્રિન્યોરશિપ એજ્યુકેશન EDIIના ડિરેક્ટર ડૉ. સત્ય રંજન આચાર્ય ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં ગર્વમેન્ટ, કોર્પોરેટ્સ, ઈન્ડસ્ટ્રી એસોસિએશન તેમજ શિક્ષણવિદોએ આંત્રપ્રિન્યોરશિપ, સ્ટાર્ટઅપ્સ અને ઈનોવેશન એ દેશના સામાજિક-આર્થિક વિકાસને કેવી રીતે અસર કરી રહ્યું છે એ બાબત પર સૌનું ધ્યાન કેન્દ્રિત કર્યું હતું.

આ અવસરે શ્રી રામ મોહન મિશ્રાએ કહ્યું કે, "ઉદ્યોગ સાહસ એક ચળવળથી ઓછું નથી અને ઈડીઆઈએ આ ચળવળની પહેલ કરી છે. આજે આપણે બધા એક નવા યુગના પ્રારંભને જોઈ રહ્યા છીએ. વિશ્વ આજે ઉદ્યોગસાહસિકતાની ક્ષમતાને ઓળખતું થયું છે. કેન્દ્ર અને રાજ્ય સરકારો પણ મોટા પાયે ઉદ્યોગ સાહસિકતાને પ્રોત્સાહન આપી રહી છે. આ ઉપરાંત તમામ સ્ટાર્ટ અપને ખૂબ સપોર્ટ મળી રહ્યો છે. ભારત નવીન, સ્ટાર્ટ-અપ ઓરિએન્ટેડને વિકસિત કરવા માટે મજબૂત જ્ઞાન, નીતિ અને સહાયક માળખાકીય સુવિધાઓ ઉપલબ્ધ કરાવી રહ્યું છે. હું ગર્વ સાથે કહું છું કે ભારત એક મહાન સ્થળ છે અને આપણી પાસે સાનુકૂળ નીતિઓ, ગ્લોબલ ટેક્નોલોજી અને માર્કેટ તેમજ નાણાકીય ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને બેસ્ટ એન્વાર્યમેન્ટ ઉપલબ્ધ છે."